# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૫૫ (B) તા. ૨૭-૦૩-૧૮**

**ફક્ત મ્યુનિ. શાળાઓ માટે:-**

**વિષય : ગુણોત્સવ - ૮ કાર્યક્રમની કામગીરી અને માર્ગદર્શક સૂચનો બાબત.**

**સંદર્ભ : પ્રા.શિ.નિ/ચ-૧ગુણોત્સવ – ૮/૨૦૧૭-૧૮/૨૩૫૨-૨૪૩૧ તા.૧૬/૦૩/૨૦૧૮.**

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે,શિક્ષણ વિભાગ દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે તા.૦૬/૦૪/૨૦૧૮ અને ૦૭/૦૪/૨૦૧૮ ના રોજ ગુણોત્સવ - ૮ કાર્યક્રમ યોજવામાં આવશે. આ માટે દરેક શાળાએ નીચેની સૂચનાનું પાલન કરવાનું રહેશે.

ગુણોત્સવ કાર્યક્રમ સંબધિત :

- ગુણોત્સવ - ૮ અંગેની માર્ગદર્શિકા તમામ મ્યુનિ.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને આપવામાં આવશે, જે ફરજિયાત વાંચવી અને પાછળના પેજ પર શાળાના તમામ શિક્ષકોની સહી કરાવવી.
- શાળા કક્ષાએ ગુણોત્સવ સંદર્ભનું સાહિત્ય મોકલી આપવમાં આવશે.ત્યારે આ સાહિત્યમાં શાળાનું નામ માધ્યમ,કોડ,કોડ નંબર,તારીખ,વિધાર્થીની સંખ્યા અવશ્ય ચકાસી લેવી.
- પ્રશ્નપત્ર.OMR શીટ તેમજ ગુણોત્સવનું સંદર્ભિત સાહિત્ય મુખ્ય શિક્ષકશ્રીએ શાળા કક્ષાએ તેમની કસ્ટડીમાં રાખવું.
- તમારી શાળાને તા.૦૬/૦૪/૨૦૧૮ અને ૦૭/૦૪/૨૦૧૮ પૈકી રાજ્યકક્ષાએથી ફાળવવામાં આવેલા દિવસે જ ગુણોત્સવ કાર્યક્રમ કરવાનો રહેશે.
- ધોરણ ૨ થી ૮ ના તમામ વિર્ધાર્થીઓનું વાંચન, લેખન અને ગણન કાર્યની ચકાસણી કરવામાં આવશે.આ માટે શાળા કક્ષાએ ધોરણ ૨ થી ૫ માં જે તે વર્ગ શિક્ષકે તેમજ ધોરણ ૬ થી ૮ માં ભાષા શિક્ષકે તા.૪/૦૪/૨૦૧૮ સુધીમાં વર્ગના તમામ બાળકોનું વાંચનનું મૂલ્યાંકન કરી ૦ થી ૧૦ ગુણનું ગુણાંકન અલગથી એક કાગળમાં ( ઓરીજનલ ગુણાંકન પત્રકની ઝેરોક્ષ કરીને પણ બનાવી શકાય )કરી રાખવું. બાહ્યમૂલ્યાંકનકાર જે તે દિવસે તમામ વર્ગોના રેન્ડમલી ૫ બાળકોને પસંદ કરીને તેમને વંચાવવાનું કહેશે.અને શિક્ષક દ્વારા અગાઉથી થયેલ ગુણાંકન ચકાસસે,જો શિક્ષક દ્વારા થયેલ ગુણાંકન યોગ્ય નહિ હોય તો જે તે શિક્ષકે ફરીથી બાહ્યમૂલ્યાંકનકારની હાજરીમાં ફરીથી મૂલ્યાંકન કરવાનું થશે.આથી દરેક બાળકનું વાંચનનું ગુણાંકન બિલકુલ તટસ્થ અને પ્રમાણિકપણે કરવું.

- ધોરણ ૨ થી ૫ ના વાંચન,લેખન અને ગણન માટે રાજ્ય કક્ષાએથી આપવામાં આવેલ ફ્રેમનો જ ઉપયોગ કરવાનો રહેશે.
- ધોરણ ૬ થી ૮ ના વાંચન લેખન અને ગણન માટે રાજ્ય કક્ષાએથી આપવામાં આવેલ ફ્રેમનો ઉપયોગ કરવાનો રહેશે.
- ગુજરાતી માધ્યમ સિવાયની શાળાઓએ વાંચન લેખન અને ગણન માટે તેમના માધ્યમના પાઠ્ય પુસ્તકો/ફ્રેમનો ઉપયોગ કરવો.
- ધોરણ ૬,૭અને ૮ ના વિર્ધાર્થીઓને **OMR** બેઝ પ્રશ્નપત્ર આપવામાં આવશે.માટે તેની વિશેષ પ્રેકટિસ કરાવવી.
- ધોરણ ૬ થી ૮ ના બાળકોની વિષયવસ્તુની લેખિત કસોટી ૧૧ : ૦૦ થી ૧૨:૪૦ કલાકે યોજવાની રહેશે. આ માટેની બેઠક વ્યવસ્થા એવી રીતે કરવી કે દરેક વર્ગમાં ત્રણેય ધોરણના બાળકો હોય અને કોઈપણ ધોરણના બાળકો એકદમ પાસ પાસે કે આગળ પાછળ ના હોય **(ZIG-Zage)** આકારે બેઠક વ્યવસ્થા કરવી.
- તમારી શાળાના પ્રશ્નપત્ર બંડલ ઉપર છાપેલી તારીખે જ ગુણોત્સવ યોજવાનો રહેશે. આથી ગુણોત્સવ મૂલ્યાંકન સામગ્રીના પ્રશ્નપત્ર પેકેટને ગુણોત્સવના દિવસ પહેલા ખોલેલું ધ્યાનમાં આવેશે તો જવાબદાર મુખ્ય શિક્ષક ઉપર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
- તમારી શાળાને ફાળવેલ તારીખ મુજબ રાજ્ય/જિલ્લા કક્ષાએથી બાહ્યમૂલ્યાંકનકારશ્રી આવશે.શાળામાં બાહ્યમૂલ્યાંકનકારશ્રી ન આવે તો શાળાએ એસએમસી સભ્યોની હાજરીમાં નિયત કરેલ સમય મુજબ જ સ્વમૂલ્યાંકન કામગીરી કરવાની રહેશે.
- સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ અને સંશાધનોનો ઉપયોગ અને લોકભાગીદારી મૂલ્યાંકન ગુણાંકન માટે બાહ્યમૂલ્યાંકનકારશ્રીને તમામ આધારો હાથવગા રાખીને ચેકલીસ્ટના ક્રમાનુસાર ગોઠવી રાખવા શક્ય હોય ત્યાં સુધી એક ફોટોકોપી કરીને તેમાં પેન્સિલથી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અને સંશાધનોનો ઉપયોગ અને લોકભાગીદારીનું મૂલ્યાંકન કરી લેવું.જેથી બાહ્યમૂલ્યાંકનકારશ્રીને સરળતા રહે.

## ધોરણ ૨ થી ૫ :

- લેખન : બાહ્યમૂલ્યાંકનકારશ્રી લેખન ફ્રેમમાંથી જે ફ્રેમ પસંદ કરે તે મુજબ વર્ગના તમામ વિધાર્થીઓને શ્રુતલેખન કરાવવું. જેને બાહ્યમૂલ્યાંકનકારશ્રીની સૂચના મુજબ તપાસીને ૦ થી ૧૦ સુધી ગુણાંકન કરાવવું.

- વાંચન : બાહ્યમૂલ્યાંકનકારશ્રી વર્ગના પાંચ બાળકો રેન્ડમલી પસંદ કરીને વાંચન ફ્રેમમાંથી જે ફ્રેમ પસંદ કરે તેને વંચાવીને વાંચન માટે ૦ થી ૧૦ સુધી ગુણાંકન કરાવવું.
- ગણન : બાહ્યમૂલ્યાંકનકારશ્રી ગણન ફ્રેમમાંથી જે ફ્રેમ પસંદ કરે તે મુજબ વર્ગશિક્ષકે બોર્ડ પર રકમ લખાવવી. ૧૫ મિનિટનો સમય આપીને વિધાર્થીએ કરેલ ગણન કાર્યને ૦ થી ૧૦ મુજબ ગુણાંકન કરાવવું.
- ગુણોત્સવના દિવસે પ્રજ્ઞા વર્ગના વિધાર્થીઓને વિષયને બદલે ધોરણવાર બેસાડવા.

## ધોરણ ૬ થી ૮ :

- ગુણોત્સવ – ૮ માં ધોરણ -૬,૭ અને ૮ માં બીજા સત્રના અંત સુધીના અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવશે.
- શાળાને ફાળવેલ તારીખ અનુસાર ( ૦૬/૦૪/૨૦૧૮ અને ૦૭/૦૪/૨૦૧૮ ) જે તે શાળાના મુખ્યશિક્ષકે બાહ્યમૂલ્યાંકનકારશ્રીની હાજરીમાં ૧૦:૪૫ કલાકે પ્રશ્નપત્ર બેગને સહી કરીને ખોલવી.પ્રશ્નપત્ર ને જે તે ધોરણ મુજબ માધ્યમ મુજબ વિધાર્થીઓના નામ મુજબ છે કે કેમ તે ચકાસી લેવુ. જે વિધાર્થીના નામ સામેલ ન થયા હોયે તેમના માટે અલગથી આપવામાં આવેલ કોરી બારકોડ વાળી **OMR** શીટનો ઉપયોગ કરી શકાશે.
- ૧૧:૦૦ થી ૧૨:૪૦ દરમિયાન વિધાર્થીઓ OMR માં સાચા વિકલ્પો ટીક કરશે.
- ૧૨:૪૫ કલાકે તમામ **OMR** શીટને ગણી - ચકાસીને પરત આપવાની બેગમાં પેક કરવી.
- તા.૦૮/૦૪/૨૦૧૮ ના રોજ શાળા કક્ષાના સીલબંધ પેકેટ સીઆરસી કો-ઓર્ડિનેટરને જમા કરાવવાના રહેશે. સીઆરસી કો-ઓર્ડિનેટરે તા.૦૮/૦૪/૨૦૧૮ ને ૦૩:૦૦ કલાકે સ્કાઉટ ભવન પાલડી ખાતે ઓઆઈસી–ટીટી ને જમા કરાવવાના રહેશે.
- શાળા છૂટવાના સમયે તમામ એસએમસી સભ્યો,વાલીગણ અને શાળાના સ્ટાફની એક બેઠક બાહ્યમૂલ્યાંકનકારશ્રી કરશે તો તે માટે અગાઉથી જાણ કરવાની રહેશે.
- બાહ્યમૂલ્યાંકનકારશ્રી નીચે મુજબની કેટેગરીમાંથી શાળાની પસંદગી કરશે.

**કેટેગરી 1 - ગુણોત્સવ 1 થી 7 બાહ્યમૂલ્યાંકન ના થયુ હોય એવી શાળાઓ**

**કેટેગરી 1.1 - ગુણોત્સવ 1 થી 7 બાહ્યમૂલ્યાંકન ના થયુ હોય એવી ગ્રાન્ટેડ શાળાઓ**

**કેટેગરી 2.1 - ગુણોત્સવ 1 થી 7 માં પરિણામમાં અસાધારણ સુધારો થયેલ હોય એવી શાળાઓ**

**કેટેગરી 2.2 - ગુણોત્સવ 6 અને 7 માં પરિણામમાં C અને D ગ્રેડ આવેલ હોય એવી શાળાઓ**

**કેટેગરી 2.3 - ગુણોત્સવ 7 માં પરિણામમાં C અને D ગ્રેડ આવેલ હોય એવી શાળાઓ**

**કેટેગરી 3 - ગુણોત્સવ 7 ના પરિણામમાં A+,A અને B ગ્રેડ આવેલ હોય એવી શાળાઓ**

**કેટેગરી 4 - NAS કાર્યક્રમ અંતર્ગત બાહ્યમૂલ્યાંકન થયેલ હોવાથી ગુણોત્સવ -૮ માં બાહ્યમૂલ્યાંકનમાં પસંદગી ન કરવી.**

**સામાન્ય સૂચનો** :

- ગુણોત્સવ કાર્યક્રમ દરમ્યાન આપની શાળામાં આવનાર બાહ્યમૂલ્યાંકનકારશ્રી તરફથી મળેલ સુધારા અવકાશ સૂચનો તથા પ્રવૃત્તિની સારી નોંધની વિગતની જાણ ગુણોત્સવ કાર્યક્રમ અહેવાલ સાથે ઝોન કક્ષાએ AAO શ્રીને કરવી.
- શાળાની પ્રાર્થના સંગીત સાથે કરાવવી. પ્રાર્થના સભામાં ઘડિયા ગાન, સમાચાર વાંચન, પ્રશ્નોત્તરીનું આયોજન કરવું.
- આજનું ગુલાબ, આજનો દીપક શાળા કક્ષાએ અને વર્ગ કક્ષાએ બનાવવા.
- એસ.એમ.સી.ના સભ્યોની હોદ્દા અને સરનામા સાથેની યાદી ઓફિસમાં લગાવવી.
- ગુણોત્સવ દરમ્યાન મુખ્ય શિક્ષક સહિત તમામ સ્ટાફે સી.એલ., પરચુરણ કે અન્ય કોઈપણ પ્રકારની રજા પર રહેવું નહી. જો અનિવાર્ય સંજોગો હોય તો શાસનાધિકારીશ્રીની પૂર્વ મંજુરી લઇને જ રજા ઉપર રહેવું.
- શાળામાં બાળકોની હાજરી ૧૦૦% રહે તેવા સઘન પ્રયત્નો કરવા. આ માટે એસ.એમ.સી. ના સભ્યોની જરૂર જણાય ત્યાં મદદ લેવી.
- પ્રત્યેક શિક્ષકની સાપ્તાહિકી,સજ્જતા પોથી, હાજરી પત્રકો, માસિક-વાર્ષિક આયોજનો, સમયપત્રક, શાળાનું જનરલ સમયપત્રક, આચાર્યની લોગબુક, લાયબ્રેરી ઇસ્યુ રજિસ્ટર, એસ.એસ.એ.ની ગ્રાન્ટના તમામ રજિસ્ટર-આવક-ખર્ચના હિસાબો તથા વાઉચર્સ ફાઇલ સહિત, ઇકો ક્લબ, વાલી સંપર્ક રજિસ્ટર, શાળા સ્વચ્છતા સમિતિ વગેરે તૈયાર રાખવું. એસ.એસ.એ. ગ્રાન્ટના હિસાબો શાળા કાર્યાલયમાં પણ પ્રદર્શિત થાય તે રીતે લખવા.
- ભાષા કોર્નર, ગણિત-વિજ્ઞાન કોર્નર, બુલેટિન બોર્ડ, શાળા ડિસ્પલે બોર્ડ, હેલ્થ કોર્નર તૈયાર કરવા. ઔષધ બાગ, કીચન ગાર્ડન અને શાળા બાગ વ્યવસ્થિત કરવા. કેમ્પસમાં જરૂરી માહિતીસભર ફ્લેક્ષ બેનર લગાડવાં.
- વર્ગખંડોને શૈક્ષણિક ચાર્ટ–ચિત્રો અને ટી.એલ.એમ.થી સજ્જ કરવા.
- કોમ્પ્યુટર લેબ, વિજ્ઞાન લેબ બાળકોના ઉપયોગ માટે ઉપલબ્ધ રહે તેવી અને સ્વચ્છ રાખવી.
- સ્માર્ટ લર્નિંગ અંતર્ગત બાળકો માટે બનાવેલ હારમોનિયમ ફાઈલ અપડેટ રાખવી.
- સ્માર્ટ લર્નિંગ અંતર્ગત બાળકોના વાલીઓને કરેલ મેસેજ ની વિગતો ફોટા સહિત શાળા પ્રોફાઈલમાં રાખવી .

- સ્માર્ટ લર્નિંગ અંતર્ગત બાળકોને સજ્જતાપોથી આપવામાં આવેલ છે.તેની ચકાસણી કરી પ્રદર્શિત કરી શકાય તે રીતે રાખવી.
- જ્ઞાનકુંજની શાળાઓએ જ્ઞાનકુંજમા કરેલી કામગીરીનું ડોક્યુમેન્ટરી તૈયાર રાખવી.
- મધ્યાહ્ન ભોજન રજિસ્ટર યોગ્ય નમૂના મુજબ નિભાવવા. બાળકો લાઇનસર બેસીને શ્લોક બોલીને વ્યવસ્થિત રીતે અને સ્વચ્છ વાતાવરણમાં ભોજન લે તેવું આયોજન દરરોજ કરાવવું.
- લોક સહયોગ અને દાનની વિગતો શાળા ડિસ્પ્લે ઉપર પ્રદર્શિત થાય એ રીતે મૂકવી.
- પ્રવાસ–પર્યટન, ખેલ–કૂદ, ડિઝાસ્ટર–મેનેજમેન્ટ, અન્ય સ્પર્ધાઓ જેવી કે ગરબા, નિબંધ લેખન, વક્તૃત્વ સ્પર્ધાના ફોટો શાળા ડિસ્પ્લે બોર્ડ પર પ્રદર્શિત થાય તે રીતે ગોઠવવા. અને શક્ય હોય તો પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કરી આવનાર મહાનુભાવોને બતાવવું.
- વર્ગકાર્યમાં નિબંધની નોટબુક, વિષયની નોટબુક્સ, ગણિત સજ્જતાપોથી, સ્માર્ટ લર્નિંગ અંતર્ગતની વર્કશીટ, જે તે વિષય શિક્ષકો દ્વારા ચકાસીને સહી કરેલી તથા ભૂલ સુધાર કાર્ય કરાવેલું તૈયાર રાખવું.
- વાંચન – ગણન - લેખનમાં શાળાના તમામ વિદ્યાર્થીઓને તૈયાર કરવા.
- ગુણોત્સવ દરમ્યાન OMR શીટથી બાળકોનું મૂલ્યાંકન થવાનું હોવાથી જરૂરી પ્રેક્ટીસ કરાવવી.
- ધોરણને અનુરૂપ સંખ્યાજ્ઞાન, સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારનો મહાવરો કરાવી બાળકોને સજ્જ કરવા.
- ગયા વર્ષના ગુણોત્સવ ગ્રેડ કરતા આ વર્ષે ગ્રેડ ઊંચો આવે તેવા પ્રયાસો કરવા. જો ગ્રેડ વ્યવસ્થિત નહી આવે તો આ વખતે સરકારશ્રી દ્વારા શિક્ષાત્મક પગલા પણ લેવાની જોગવાઇ છે એ ધ્યાનમાં રાખવી.
- શાળાઓ તેમજ તમામ શિક્ષકોના ગ્રેડની વિગતો વેબસાઈટ પર મૂકવામાં આવશે.તેમજ સતત 2 વર્ષ C અને D ગ્રેડ ધરાવતા શાળાના શિક્ષકોની સેવાપોથી તેમજ ખાનગી અહેવાલમાં તેઓના ગ્રેડની નોંધ કરવામાં આવશે.
- સતત બે વર્ષ **શૈક્ષણિક ગ્રેડ C અને D** વાળી શાળાના મુખ્ય શિક્ષકશ્રીની સેવાપોથી તેમજ ખાનગી અહેવાલમાં તે અંગેની નોંધ કરવામાં આવશે.
- સતત બે વર્ષ જે સુપરવાઈઝરશ્રી અને મદદનીશ શાસનાધિકારીશ્રીની તાબાની શાળાઓ પૈકી ૫૦ % થી વધુ શાળાઓ **શૈક્ષણિક ગ્રેડ C અને D** આવે તો તેઓની સેવાપોથી તેમજ ખાનગી અહેવાલમાં તે અંગેની નોંધ કરવામાં આવશે.
- સતત બે વર્ષ જે યુઆરસી કો-ઓ અને સીઆરસી કો-ઓ.ના તાબાની શાળાઓ પૈકી ૫૦ % થી વધુ શાળાઓ **શૈક્ષણિક ગ્રેડ C અને D** આવે તો તેમની પ્રતિનિયુક્તિ રદ કરવામાં આવશે.

- ઝોન કક્ષાએ આપવામાં આવેલ મૌખિક સૂચનાઓનો અમલ કરવો. જરૂર જણાય તો સી.આર.સી. કો-ઓર્ડિનેટર, યુ.આર.સી. કો-ઓર્ડિનેટર, સુપરવાઇઝરશ્રી, આસીસ્ટન્ટ એ.ઓ.શ્રીનું માર્ગદર્શન મેળવવું.
- દરેક શાળા પોતાની પ્રોફાઇલ બનાવે, જેમાં શાળાની તમામ માહિતી સહિત છેલ્લા સાત ગુણોત્સવનો ગ્રેડ દર્શાવવો. (શાળાની ગ્રાન્ટ, ડ્રોપ-આઉટ-નામાંકન, સિદ્ધિઓ, શિક્ષકવાર ગ્રેડેશન સહિત)
- દરેક શાળાએ પોતે કરેલ વિશિષ્ટ કામગીરી, ચિત્ર, રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમ, ઇન્ડોર–આઉટડોર ગેમ્સમાં સફળતા વગેરેની યાદી બનાવવી.
- ગુણોત્સવના દિવસે તમામ બાળકો સ્વચ્છ ગણવેશમાં આવે, બાળકોના વાળ, નખ, આંખ, કાન યોગ્ય રીતે સફાઇ યુક્ત હોય તેની ખાસ તકેદારી રાખવી.
- વર્ગવ્યવસ્થા યોગ્ય રાખવી, વર્ગમાં અધ્યાપન સામગ્રી (TLM), ડિસ્પ્લે બોર્ડ વિદ્યાર્થીઓની ઊંચાઇ મુજબ જ રાખવા.
- તમામ બાળકોએ ભોજન પૂર્વે અને ભોજન પછી સાબુથી હાથ ધોવાના રહેશે.
- શાળામાં પાણી પાનાર બહેન, પગી/સિક્યુરીટી એ ફરજિયાત ગણવેશમાં પોતાના યથાસ્થાને ઉપસ્થિત રહેવું.
- ગુણોત્સવ દરમિયાન એસએમસીના સભ્યોની સાથે સાથે પોકેટવિસ્તારના લોકો હાજર રહે અને તેઓની સાથે શિક્ષકોની નિયમિતતા,શિક્ષણની ગુણવત્તા વગેરે બાબતે આવનાર અધિકારી ચર્ચા કરે અને તેમના ફીડબેક આપે તે લાઈઝન અધિકારી દ્વારા મોકલી આપવાના રહેશે.
- શાળામુલ્યાંકનમાં A+ અને A ગ્રેડ મેળવનાર શાળાઓને શાળાદીઠ રૂ.૧૦.૦૦૦/-પુરસ્કાર આપવામાં આવશે.

## ગુણોત્સવ – ૮ અંતર્ગત જરૂરી રોજકામ કરવા બાબત

**ગુણોત્સવ - ૮ અંતર્ગત રાજ્યકક્ષાએથી ધોરણ ૨ થી ૮ માટે જરૂરી સાહિત્ય મોકલી આપવામાં આવશે. જેમાં ધોરણ ૨ થી ૮ ની વાંચન લેખન ગણનની OMR શીટ મોકલી આપવામાં આવેલ હશે.જો શાળા કક્ષાએ કોઈ બાળક શાળા છોડી ગયેલ બાળકોની OMR પત્રક નં – ૧ મુજબ રોજકામ કરી પરત કરવાની રહેશે.**

**શાળા કક્ષાએ જે એક્સ્ટ્રા OMR વાપરેલ છે.તે OMR નું રોજકામ પત્રક - ૨ મુજબ રોજકામ કરી જે તે ધોરણના પેકેટમાં મૂકવાનું રહેશે.પત્રક – ૧ અને ૨ મુજબના રોજકામનું એકદંરીકરણ એક્સેલ ફોર્મેટમાં એરિયલ ફોન્ટમાં સીઆરસી કો –ઓર્ડિનેટરને સોફ્ટકોપી અને હાર્ડકોપીમાં મોકલવાનું રહેશે.જેમાં મુખ્ય શિક્ષકના સહી સિક્કા કરવાના રહેશે.**

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## પત્રક – ૧

## શાળા છોડી ગયેલ બાળકોની વણવપરાયેલ OMR ની વિગત દર્શાવતુ રોજકામ

| ક્રમ | જિલ્લો | ઝોન | ક્લસ્ટર | શાળાનું નામ | શાળાનો ડાયસ કોડ | વિધાર્થીનું નામ | વિધાર્થીનો યુનિક આઈડી | ધોરણ | OMR નો બારકોડ નંબર | ગુણોત્સવ -૮ નો દિવસ (૧/૨) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

- ઉપરોકત ફોર્મેટની માહિતી ભરતી વખતે તેમાં ફક્ત શાળા છોડી ગયેલ બાળકોની OMR શાળામાં આવેલ છે અને પરત કરવાની છે તેની વિગત ભરવાની છે.
- ઉપરોકત માહિતી ધોરણ -૨ થી ૮ ના તમામ બાળકોની દર્શાવવાની રહેશે,
- વાંચન લેખન અને ગણન માં જે બાળક શાળા છોડી જતું રહ્યુ છે તેની સામે કોઈપણ પ્રકારનો પ્રત્યુત્તર આપવાનો નથી.
- ગુણોત્સવ દરમ્યાન ગેર હાજર બાળકોની ધોરણ ૬ થી ૮ ની વિષય વસ્તુની OMR પરત કરવાની નથી. તેમજ ધોરણ ૨ થી ૮ માં ગેરહાજર બાળકોના વાંચન, લેખન અને ગણનમાં નામ સામે કોઈ પ્રત્યુત્તર આપવાનો નથી.
- જે બાળકનું નામ ક્રમિક બે ધોરણની OMR માં આવેલ હોય તો બાળક જે ધોરણમાં હોય તે OMR ની વિગતો ભરવાની રહેશે.જ્યારે આગલા ધોરણમાં કોઈ પ્રત્યુત્તર આપવાનો નથી. અને પત્રક - ૧ માં તેની વિગતો પણ દર્શાવવાની રહેશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરત કરવાની કોથળી પર નીચેની વિગત દર્શાવવાની રહેશે. શાળા છોડી ગયેલ બાળકોની વણવપરાયેલ OMR ની કોથળી**

જિલ્લો : અમદાવાદ ( **AMC** )

ઝોન :

ક્લસ્ટર :

શાળનું નામ :

શાળનો ડાયસ કોડ :

પરત કરેલ **OMR** ની સંખ્યા :

| ધોરણ | પરત કરવામાં આવેલ **OMR** ની સંખ્યા |
|---|---|
| ૬ | |
| ૭ | |
| ૮ | |
| કુલ | |

મુખ્ય શિક્ષકશ્રીની સહી

શાળા .......................................

## પત્રક – ૨

## વધારાની વાપરેલ OMR ની વિગત દર્શાવતુ રોજકામ

| ક્રમ | જિલ્લો | ઝોન | ક્લસ્ટર | શાળાનું નામ | શાળાનો ડાયસ કોડ | વિધાર્થીનું નામ | વિધાર્થીનો યુનિક આઈડી | ધોરણ | OMR નો બારકોડ નંબર | ગુણોત્સવ -૮ નો દિવસ (૧/૨/) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

**ઉપરોકત ફોર્મેટની માહિતી ફક્ત એક્સેલ ફોર્મેટમાં અંગ્રેજી એરિયલ ફોન્ટમાં સીઆરસી કો – ઓર્ડિનેટરને સોફ્ટકોપી અને હાર્ડકોપીમાં ગુણોત્સવ દિન પૂર્ણ થયાના દિન -૧ મોકલવાનું રહેશે.જેમાં મુખ્ય શિક્ષકના સહી સિક્કા કરવાના રહેશે.**

- **ગુણોત્સવ- ૮ કાર્યક્રમ સંદર્ભે શાળાઓને વિગતવાર સમજૂતી આપવા માટે બાયસેગ માધ્યમથી <u>તા.૨૮/03/૨૦૧૮ ના રોજ સવારે ૧૧:30 થી ૧૨:30 દરમિયાન તાલીમ આપવામાં આવશે છે. જે તમામ શિક્ષકોએ શાળાકક્ષાએ ટી.વી. ઉપર ફરજિયાત નિહાળવાનુ રહેશે.</u>**

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

- શાળા સમય અંગે :

તા.૦૨/૦૪/૨૦૧૮ **થી ૦૭/૦૪/૨૦૧૮ ના** દરમ્યાન શાળાનો સમય તેમજ ગુણોત્સવ કાર્યક્રમનુ સમય પત્રક નીચે જણાવેલ મુજબ રહેશે. જેનો ચુસ્ત અમલ કરવનો રહેશે.

**તા.૨૭/03/૨૦૧૮**

ડૉ. એલ. ડી. દેસાઇ

**શાસનાધિકારી**

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## શાળા કક્ષાએ ગુણોત્સવ કાર્યક્રમનું સમયપત્રક

## (૧) સવારપાળી - માત્ર ધોરણ ૬ થી ૮ ની શાળાઓ માટે

| સમય | મિનિટ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૭:30 થી ૭:૫૦ | ૨૦ | સમૂહ પ્રાર્થના |
| ૭:૫૦ થી ૮:00 | ૧૦ | હાજરી |
| ૮:00 થી ૮:૪૦ | ૪૦ | • ધોરણ ૬ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને 0 થી ૧૦ ગુણમાં ગુણાંકન<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસદંગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૮:૪૦ થી ૯:૨૦ | ૪૦ | • ધોરણ ૭ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને 0 થી ૧૦ ગુણમાં ગુણાંકન<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુંણાકન પૈકી પસદંગીના ૨૦% બાળકોના વાચન કૌશલ્યોની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૯:૨૦ થી ૧૦:00 | ૪૦ | • ધોરણ ૮ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને 0 થી ૧૦ ગુણમાં ગુણાંકન.<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસંદગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૧૦:00 થી ૧૦:૨૦ | ૨૦ | SMC ના સભ્યો તેમજ વાલીઓ સાથે બેઠક કરવી |
| ૧૦:૨૦ થી ૧૦:૫૦ | 30 | મધ્યાહ્ન ભોજન અને વિરામ |
| ૧૦:૫૦ થી ૧૧:00 | ૧૦ | વર્ગ વ્યવસ્થા ( ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓની લેખિત કસોટી માટે) |
| ૧૧:00 થી ૧૨:૪૦ | ૧00 | • ધોરણ ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓની લેખિત કસોટી ( **બીજા સત્રના અંત સુધીના અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવશે** ) |
| ૧૨:૪૦થી૧:00 | ૨૦ | બાહ્યમૂલ્યાંકનકારશ્રી દ્વારા ફીડબેક ફોર્મ ભરવું. |

# શાળા કક્ષાએ ગુણોત્સવ કાર્યક્રમનું સમયપત્રક

## (૨) સવારપાળી - માત્ર ધોરણ ૧ થી ૫ ની શાળાઓ માટે

| સમય | મિનિટ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૭:30 થી ૭:૫૦ | ૨૦ | સમૂહ પ્રાર્થના |
| ૭:૫૦ થી ૮:૦૦ | ૧૦ | હાજરી |
| ૮:૦૦ થી ૮:૫૦ | ૫૦ | • ધોરણ ૨ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસદંગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૮:૫૦ થી ૯:૪૦ | ૫૦ | • ધોરણ 3 ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુંણાકન પૈકી પસદંગીના ૨૦% બાળકોના વાચન કૌશલ્યોની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૯:૪૦ થી ૧૦:૨૦ | ૪૦ | • ધોરણ ૪ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન.<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસંદગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૧૦:૨૦ થી ૧૦:૫૦ | 3૦ | મધ્યાહ્ન ભોજન અને વિરામ |
| ૧૦:૫૦ થી ૧૧:૪૦ | ૫૦ | • ધોરણ ૫ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન.<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસંદગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૧૧:૪૦ થી ૧૨:3૦ | ૫૦ | SMC ના સભ્યો તેમજ વાલીઓ સાથે બેઠક કરવી<br>બાહ્યમૂલ્યાંકનકારશ્રી દ્વારા ફીડબેક ફોર્મ ભરવું. |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## શાળા કક્ષાએ ગુણોત્સવ કાર્યક્રમનું સમયપત્રક

## (૩) સવારપાળી માત્ર ધોરણ ૧ થી ૮ ની શાળાઓ માટે

| સમય | મિનિટ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૭:૩૦ થી ૭:૫૦ | ૨૦ | સમૂહ પ્રાર્થના |
| ૭:૫૦ થી ૮:૦૦ | ૧૦ | હાજરી |
| ૮:૦૦ થી ૮:૫૦ | ૫૦ | • ધોરણ ૨ અને ધોરણ ૬ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસદંગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૮:૫૦ થી ૯:૪૦ | ૫૦ | • ધોરણ ૩ અને ધોરણ ૭ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુંણાકન પૈકી પસદંગીના ૨૦% બાળકોના વાચન કૌશલ્યોની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૯:૪૦ થી ૧૦:૨૦ | ૪૦ | • ધોરણ ૪ અને ધોરણ ૮ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન.<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસંદગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૧૦:૨૦ થી ૧૦:૫૦ | ૩૦ | મધ્યાહ્ન ભોજન અને વિરામ |
| ૧૦:૫૦ થી ૧૧:૦૦ | ૧૦ | વર્ગ વ્યવસ્થા ( ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓની લેખિત કસોટી માટે) |
| ૧૧:૦૦ થી ૧૨:૪૦ | ૧૦૦ | • ધોરણ ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓની લેખિત કસોટી **(બીજા સત્રના અંત સુધીના અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવશે )** |
| ૧૧:૦૦ થી ૧૧:૫૦ | ૫૦ | • ધોરણ ૫ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન.<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસંદગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૧૨:૪૦ થી ૧:૧૫ | ૩૫ | SMC ના સભ્યો તેમજ વાલીઓ સાથે બેઠક કરવી<br>બાહ્યમૂલ્યાંકનકારશ્રી દ્વારા ફીડબેક ફોર્મ ભરવું. |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## શાળા કક્ષાએ ગુણોત્સવ કાર્યક્રમનું સમયપત્રક

## (૪) ૧૧ થી ૫ અને  બપોરપાળી - માત્ર ધોરણ ૬ થી ૮ ની શાળાઓ માટે

| સમય | મિનિટ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૦:૩૦ થી ૧૦: ૫૦ | ૨૦ | સમૂહ પ્રાર્થના |
| ૧૦:૫૦ થી ૧૧:૦૦ | ૧૦ | વર્ગવ્યવસ્થા અને હાજરી |
| ૧૧:૦૦ થી ૧૨:૪૦ | ૧૦૦ | ધોરણ ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓની લેખિત કસોટી |
| ૧૨:૪૦ થી ૧:૧૦ | ૩૦ | મધ્યાહ્ન ભોજન અને વિરામ |
| ૧:૧૦ થી ૨:૦૦ | ૫૦ | • ધોરણ ૬ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસદંગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૨:૦૦ થી ૨:૫૦ | ૫૦ | • ધોરણ ૭ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુંણાકન પૈકી પસદંગીના ૨૦% બાળકોના વાચન કૌશલ્યોની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૨: ૫૦ થી ૦૩:૦૦ | ૧૦ | નાનો વિરામ |
| ૩:૦૦ થી ૦૩:૫૦ | ૫૦ | • ધોરણ ૮ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન.<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસંદગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૩:૫૦ થી ૦૫:૦૦ | ૭૦ | SMC ના સભ્યો તેમજ વાલીઓ સાથે બેઠક કરવી<br>બાહ્યમૂલ્યાંકનકારશ્રી દ્વારા ફીડબેક ફોર્મ ભરવું. |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## શાળા કક્ષાએ ગુણોત્સવ કાર્યક્રમનું સમયપત્રક

# (૫) બપોરપાળી - માત્ર ધોરણ ૧ થી ૫ ની શાળાઓ માટે

| સમય | મિનિટ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૨:૪૦ થી ૧:૦૦ | ૨૦ | સમૂહ પ્રાર્થના |
| ૧:૦૦ થી ૧:૫૦ | ૫૦ | • ધોરણ ૨ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસદંગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૧:૫૦ થી ૨:૨૦ | ૩૦ | • મધ્યાહ્ન ભોજન અને વિરામ |
| ૨:૨૦ થી ૦૩:૧૦ | ૫૦ | • ધોરણ ૩ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુંણાકન પૈકી પસદંગીના ૨૦% બાળકોના વાચન કૌશલ્યોની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૩:૧૦ થી ૪:૦૦ | ૫૦ | • ધોરણ ૪ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન.<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસંદગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૪:૦૦ થી ૪:૧૦ | ૧૦ | વિરામ |
| ૪:૧૦ થી ૦૫:૦૦ | ૫૦ | • ધોરણ ૫ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન.<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસંદગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૫:૦૦ થી ૫:૩૦ | ૩૦ | SMC ના સભ્યો તેમજ વાલીઓ સાથે બેઠક કરવી<br>બાહ્યમૂલ્યાંકનકારશ્રી દ્વારા ફીડબેક ફોર્મ ભરવું. |

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

## શાળા કક્ષાએ ગુણોત્સવ કાર્યક્રમનું સમયપત્રક

### (૬) ૧૧ થી ૫ ની ધો-૧ થી ૫ બપોરપાળી શાળાઓ તથા ધોરણ ૧ થી ૮ ની શાળાઓ માટે

| સમય | મિનિટ | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૧૦.30 થી ૧૦:૫૦ | ૨૦ | સમૂહ પ્રાર્થના |
| ૧૦.૫૦ થી ૧૧:૦૦ | ૧૦ | વર્ગ વ્યવસ્થા અને હાજરી. |
| ૧૧:૦૦ થી ૧૨:૪૦ | ૧૦૦ | • ધોરણ ૬ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓની લેખિત કસોટી **(બીજા સત્રના અંત સુધીના અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવશે)** |
| ૧૧:૦૦ થી ૧૨:૪૦ | ૧૦૦ | ધોરણ ૨ થી ૫ માં વર્ગશિક્ષક દ્વારા તમામ વિદ્યાર્થીઓને વાંચન કરાવી અલગ કાગળમાં ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન કરવું. |
| ૧૨.૪૦ થી ૧૨:૫૦ | ૧૦ | નાનો વિરામ |
| ૧૨:૫૦ થી ૧:૫૦ | ૬૦ | • ધોરણ ૨ અને ધોરણ ૬ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસદંગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૧:૫૦ થી ૨:30 | ૪૦ | મધ્યાહ્ન ભોજન અને વિરામ |
| ૨.:30 થી 3:૧૦ | ૪૦ | • ધોરણ 3 અને ધોરણ ૭ ના તમામ વિધ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુંણાકન પૈકી પસદંગીના ૨૦% બાળકોના વાચન કૌશલ્યોની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| 3:૧૦ થી 3:૫૦ | ૪૦ | • ધોરણ ૪ અને ધોરણ ૮ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન.<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસંદગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| 3:૫૦ થી ૪:૦૦ | ૧૦ | વિરામ |
| ૪:૦૦ થી ૪:૪૦ | ૪૦ | • ધોરણ ૫ ના તમામ વિદ્યાર્થીઓના શ્રુતલેખન, ગણન કૌશલ્યની ચકાસણી અને ૦ થી ૧૦ ગુણમાં ગુણાંકન.<br>• વર્ગશિક્ષક દ્વારા કરવામાં આવેલ ગુણાંકન પૈકી પસંદગીના ૨૦% બાળકોના વાંચન કૌશલ્યની ચકાસણી અને તે આધારે તમામ બાળકોનું OMR શીટમાં ગુણાંકન |
| ૪:૪૦ થી ૫:30 | ૫૦ | SMC ના સભ્યો તેમજ વાલીઓ સાથે બેઠક કરવી<br>બાહ્યમૂલ્યાંકનકારશ્રી દ્વારા ફીડબેક ફોર્મ ભરવું. |